PG VCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG VCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૦/કવા–૦૧/૧૭–૧૮/ ૫૪૨૬ તા. 29/05/19

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
સવિતાબેન જયંતીભાઈ ગાજીપરા,
ગામ:વિરપુર (જલારામ),
C/O, શ્રી જનકભાઈ જયંતીભાઈ ગાજીપરા
જુની ગૌશાળા શેરી
દેવદયા ગેસ્ટ હાઉની બાજુમા,
ગોંડલ રોડ, રાજકોટ
મો: ૯૪૨૯૩ ૫૧૫૮૪

**વિષય :–મેન્ટેનન્સ અને વીજબીલ બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. નીલ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૫૦/કવા–૦૧/૧૭–૧૮ )**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ
(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 2)

**નકલ રવાના :**
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગોંડલ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૨, ગોંડલ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

NO: 04 [A]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૫૦/કવા–૦૧/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૨૩–૦૬–૧૭ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: સવિતાબેન જયંતીભાઈ ગાજીપરા, ગામ: રાજકોટ**

**રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૨, ગોંડલ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ગોંડલ)**

**રજુઆત કરનાર :વી.જી.મારકણા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી ગોંડલ)**

---

## : હુકમ :

**ફરીયાદ : મેન્ટેનન્સ અને વીજબીલ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૭૭૬૦/૦૪૪૪૧/૦ ( ૧૦ હોપા– મીટર ટેરીફ) મા, '' હૈયાત ૧૧ કેવી વીજલાઈન માથી, ડીપી – ટીસી સ્ટ્રકચર '' મુકાયેલ છે. પરંતુ, '' ૧૧ કેવી વીજતાર માથી જમ્પર લગાડી'' અને ટ્રાન્સફોર્મર સુધી ૧૧ કેવી નો વીજપાવર અપાયેલ નથી. આમ, તેઓનુ સદર જોડાણ, જે '' ટ્રાન્સફોર્મર મા પાવર આપી – ચાર્જ કર્યા વગર '' છેલ્લા ઘણા સમય થી પડતર છે. તેમ છતા, તેઓને પીજીવીસીએલ તરફથી સદર જોડાણ મા રૂ.૨,૧૮૫/–ની રકમ નુ વીજબીલ અપાયેલ છે. જેની રકમ તેઓએ તા.૧૨–૦૯–૧૬ ના રોજ, પીજીવીસીએલ મા ભરપાઈ કરી આપેલ છે. આમ, વીજપુરવઠો – ખરેખર ચાલુ ન હોવા છતા – બીલીંગ કરવાની કાર્યવાહી– જે પીજીવીસીએલ તરફથી કરાયેલ છે, તે નિયમાધીન યોગ્ય અને વ્યાજબી ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ના ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૭૭૬૦/૦૪૪૪૧/૦ ( ૧૦ હોપા– મીટર ટેરીફ) મા, '' હૈયાત ૧૧ કેવી વીજલાઈન મા, જે ડીપી – ટીસી સ્ટ્રકચર ''મુકાયેલ છે, તે ડીપી – ટીસી સ્ટ્રકચર વાળા ટ્રાન્સફોર્મર ને '' ૧૧ કેવી વીજતાર માથી જમ્પર લગાડી'' અને ટ્રાન્સફોર્મર સુધી ૧૧ કેવી નો વીજપાવર આપી, '' ટ્રાન્સફોર્મર મા પાવર આપી – ચાર્જ કરી, અને જોડાણ મા વીજપુરવઠો આપી અને જોડાણ ચાલુ કરવા બાબત ની, તમામ કાર્યવાહી, જે, અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ પૂર્ણ કરાયેલ છે. આમ, અરજદાર શ્રી ની, સદર ફરીયાદી નુ, અરજદાર શ્રીના તા.૦૪–૦૬–૧૭ ના લેખીત સંમતીપત્ર હેઠળ નિરાકરણ થયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી ની, મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ ના અનુસંધાને , પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે ની કાર્યવાહી , જે અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ પૂર્ણ કરાયેલ છે. આમ, અરજદાર શ્રી ની, સદર ફરીયાદી નુ, અરજદાર શ્રી ના તા.૦૪–૦૬–૧૭ ના લેખીત સંમતીપત્ર હેઠળ નિરાકરણ થયેલ છે. |

**મુદદા નં.–૪ :**

**હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ના તા.૦૪–૦૬–૧૭ ના લેખીત સંમતીપત્ર હેઠળ નિરાકરણ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.